GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note

તા.૬-૮-૨૦૨૦ ના રોજ **GCCI** ખાતે માનનીય શ્રી મનસુખભાઇ માંડવીયા, મીનીસ્ટર ઓફ સ્ટેટ શીપીંગ, (સ્વતંત્ર હવાલો) તથા કેમીકલ્સ અને ફર્ટિલાઇઝર, ભારત સરકાર સાથે વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વેબીનારનો મુખ્ય હેતુ વર્તમાન પરિસ્થિતિમાં શીપીંગ, કેમીકલ અને ફાર્માસ્યુટીકલ્સ ઇન્ડસ્ટ્રીને લગતા પ્રશ્નોની ચર્ચા કરવાનો હતો. આ વેબીનારમાં શ્રી દુર્ગેશ બુચ, પ્રમુખ, GCCIન, શ્રી નટુભાઇ પટેલ, સિનિ. ઉપ-પ્રમુખ, GCCI, તત્કાલીન પૂર્વ પ્રમુખશ્રી, GCCI તથા ગુજરાત કેમીકલ્સ એસોસીયેશનના પ્રમુખ, ડૉ. જૈમિન વસા, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી દિનેશ ગુપ્તા, શ્રી હેમંતભાઇ શાહ, ચેરમેન, લોજેસ્ટીક કમિટિ, GCCI, GDMA ના પ્રમુખ શ્રી યોગેશ પરીખ, IDMA ના પ્રમુખ ડૉ. વિરંચી શાહ, તથા અન્ય આમંત્રિત મહેમાનો અને વિવિધ એસોસીયેશનના સભ્યો હજર રહ્યા હતા.

શ્રી દુર્ગેશ બુચ, પ્રમુખ, GCCI એ પોતાના સ્વાગત વક્તવ્યમાં માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાનો ગુજરાતના વેપાર વિકાસમાં તથા તેમના પ્રશ્નોના નિરાકરણ માટે મળેલ સાથ અને સહકારની પ્રસંશા કરી હતી.

વેબીનારમાં શીપીંગ ઇન્ડસ્ટ્રીને લગતા પ્રશ્નોની રજૂઆત શ્રી દિનેશભાઇ ગુપ્તા, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, શ્રી સમીરભાઇ શાહ JBS લોજેસ્ટીક, તથા શ્રી સંદિપભાઇ મહેતા, અદાણી પોર્ટે કરી હતી. જેમાં મુખ્યત્વે કોરોનાના સમયગાળામાં શીપીંગ કંપની દ્વારા ડીમરેજ/ અટકાયતના વસુલાતના ભારે ચાર્જીસ, કંડલા ખાતે ટેન્ક ટર્મીનલના ભાડા અંગે, ઓઇલ જેટ્ટી ના શોર્ટેજના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં ઇ-બીલ ઓફ લેન્ડીગ, લાયસન્સ અને ફોરવડો દ્વારા વસૂલવામાં આવતા ચાર્જીસ, Ease of Doing Business માટે કાયદા તથા પ્રક્રીયામાં ઝડપી સુધારા, સરળીકરણ અને ઓનલાઇન સીસ્ટમ તથા ડાયરેક્ટ પોર્ટ ડીલીવરી અને પેમેન્ટ ગેટવે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. શીપીંગ ઇન્ડસ્ટ્રીના પ્રશ્નોના ઉકેલમાં માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાએ સરકાર દ્વારા વેરહાઉસ દ્વારા લેવામાં આવતા ચાર્જીસ, સ્ટોરેજ ટેન્કના પ્રશ્નોના નિરાકરણ માટે ચાલી રહેલા પ્રયત્નો અંગે જણાવ્યું હતું. વધુમાં તેમણે કંડલા પોર્ટ ખાતે લેન્ડ પોલીસી લાવવાની પણ વાત કરી હતી જેના લીધે કાર્ગોને ઇન્ડસ્ટ્રી સાથે જોડીને ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ, રોજગારી અને પોર્ટ પર કાર્ગો મળી રહે એ રીતે જોડવામાં આવશે તેમ કહ્યું હતું. Ease of Doing Business માટે તૈયાર કરવામાં આવેલ ડીજીટલ પ્લેટફોર્મથી ક્લીયરન્સની પ્રોસેસ સંપૂર્ણપણે ડીજીટલ થઇ જશે તથા કંડલા પોર્ટ ખાતે ટૂંક સમયમાં ફર્નિચર પાર્ક પણ તૈયાર કરવાનું માનનીય મંત્રી શ્રીએ જણાવ્યું હતું.

કેમીકલ્સ ને લગતા પ્રશ્નોની રજૂઆત ડૉ. જૈમિન વસા, શ્રી યોગેશભાઇ પરીખે કરી હતી જેમાં કેમીકલ ઉદ્યોગોમાં ચાઇના દ્વારા ઇમ્પોર્ટ કરવામાં આવતા રૉ-મટીરીયલ, જીએસટી ક્રેડીટ, NGT દ્વારા કરવામાં આવતી ભારે પેનલ્ટી તથા સરકાર દ્વારા કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા જેમ કે CETP, કોમન સ્પ્રે ડાયર, MEE, કોમન સ્ટીમ

GCCI
2019-20

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note



બોઇલર, ડીપ સી ડિસ્ચાર્જ, ફાઇનાન્સ વિગેરે પુરી પાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા એક્સપોર્ટરો માટે MEIS સ્કીમ ફરી ચાલુ કરવાની ભલામણ પણ સભ્યો દ્વારા કરવામાં આવી હતી. ફાર્મા સેક્ટર માટે ગુજરાતમાં API પાર્ક શરુ કરવાની, એન્વાયર્મેન્ટ ક્લીયરન્સ લાયસન્સ માટેની રાહત તા.૩૧-૩-૨૦૨૧ સુધી લંબાવવાની, PLI સ્કીમમાં અમુક સુધારા કરવા, MRA એગ્રીમેન્ટ, સિન્થેટક API લાયસન્સ ઇસ્યુ કરવાના મુદ્દા ઉપર ડૉ. વિરંચીભાઇ શાહે રજૂઆત કરી હતી.

માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાએ આજ રોજ યોજાયેલ આ મિટિંગ ખૂબ સાર્થક રહી છે તેમ જણાવ્યું હતું. જેમાં વિવિધ પ્રશ્નોની રજૂઆત ચેમ્બરના પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવી છે જેનો ઝડપથી નિરાકરણ લાવવાની તેમણે ખાત્રી આપી હતી તથા આવી મિટિંગ સમયાંતરે થતી રહે તો ઇન્ડસ્ટ્રી અને સરકારને જોડે રહીને વિકાસ કરવામાં ઘણી સરળતા રહેશે તેમ જણાવ્યું હતું. તેમણે આત્મનિર્ભર ભારત અંતર્ગત વિવિધ સેક્ટર માટે જાહેર કરાયેલ ઇન્સેન્ટીવ માહિતી આપી હતી તથા દેશમાં "Make In India" ને પ્રોત્સાહન આપવા મેન્યુફેક્ચરીગ વધારવાનું, નવી ટેકનોલોજી લાવવાનું, રીસર્ચ ટેકનોલોજી વધારવાની તથા ક્રીટીકલ જરૂરિયાતની વસ્તુઓનું ભારતમાં જ ઉત્પાદન થવું જોઇએ વિગેરે જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી.

અંતમાં શ્રી નટુભાઇ પટેલ, સિનિ. ઉપ-પ્રમુખ, GCCI એ આભારવિધિ સંપન્ન કરતાં માનનીય મંત્રી શ્રીને ગુજરાતના વિવિધ ઇન્ડસ્ટ્રીયલ એસોસીયેશનોને જોડે રાખીને આવા વેબીનારનું આયોજન કરવા માટે તેમની અનુકૂળ તારીખ આપવાનું જણાવ્યું હતું અને તેમણે માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાનો સભ્યો દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નોનો સંતોષકારક જવાબ આપવા બદલ આભાર માન્યો હતો.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*